# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-06-2025** **Morning : 7.10 to 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં આજે અંદાજે 81 લાખ મતદારો મતદાન કરશે.**
2. **અમદાવાદ વિમાન દુર્ઘટનાના 247 મૃતકના DNA નમૂના મેચ થયા , 232 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપાયા.**
3. **અમદાવાદની રથયાત્રામાં પોલીસ 75 ડ્રોનથી નજર રાખશે.**
4. **સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને બિન-સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક ભરતીની કામચલાઉ શાળા ફાળવણી જાહેર.**
5. **રાજ્યમાં 148 તાલુકામાં વરસાદ, 27 જૂન સુધી વરસાદની આગાહી.**

-------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# GRAM PANCHAYAT ELECTION

રાજ્યમાં આજે ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા-ચૂંટણી માટે સવારે સાત વાગ્યે મતદાન શરૂ થયું છે. જ્યારે 25 તારીખે મત ગણતરી હાથ ધરાશે. આજે 81 લાખ જેટલા મતદારો મતદાન કરશે.

## (V/C- KARAN MAKVANA)

અમદાવાદ જિલ્લાની કુલ 59 ગ્રામ પંચાયતમાં સરપંચની 53 બેઠક અને 152 વૉર્ડના સભ્યો માટે આજે ચૂંટણી યોજાશે. મતદાન માટે જિલ્લામાં કુલ 125 મતદાન મથક બનાવાયા છે. જિલ્લામાં કુલ એક લાખ 13 હજાર 761 મતદાર નોંધાયા છે. જ્યારે પાટણ જિલ્લામાં આજે **232** ગ્રામ પંચાયત માટે મતદાન થશે. જિલ્લામાં ગ્રામ પંચાયતના **224** સરપંચ માટેના 625 ઉમેદવાર અને **563** વૉર્ડ સભ્યના એક હજાર 225 ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે. જિલ્લામાં કુલ 606 મતદાન મથકમાં મતદાન યોજાશે. 380 ગ્રામ પંચાયતમાંથી 70 ગ્રામ પંચાયત અગાઉ જ સંપૂર્ણ બિનહરીફ એટલે કે , સમરસ બની છે. જ્યારે 78 ગ્રામ પંચાયત અંશત: બિનહરીફ બની છે. ઉપરાંત રાજકોટ જિલ્લામાં કલેક્ટર કચેરી ખાતે નિયંત્રણ કક્ષ બનાવાયો છે, જ્યાં આચારસંહિતા સંબંધિત ફરિયાદ રજૂ કરી શકાશે.

**સમાચાર વિભાગથી કરણ મકવાણા, આકાશવાણી, અમદાવાદ.**

# VISAVADAR VOTING

જુનાગઢમાં વિસાવદર વિધાનસભા મતવિસ્તારના માલિડા અને નવા વઘાણિયા મતદાનમથક પર ગઈકાલે પુનઃ મતદાન સંપન્ન થયું. બંને મતદાન મથકનું સરેરાશ કુલ મતદાન 81.11 ટકા નોંધાયું.

---

# DNA SAMPLING

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 247 મૃતકના DNA નમૂના મેચ થયા છે. જ્યારે 232 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપાયા છે. અમદાવાદ સિવિલ હૉસ્પિટલના સુપરિન્ટન્ડન્ટ ડૉક્ટર રાકેશ જોષીએ ગઈકાલે આ અંગે માહિતી આપતા કહ્યું, 247 મૃતકમાં 175 ભારતના નાગરિક , સાત પોર્ટુગલના, 52 બ્રિટિશ નાગરિક, એક કૅનેડિયન તેમજ 12 નોન-પેસેન્જરનો સમાવેશ થાય છે. જ્યારે 15 પરિવારને તેમના સ્વજનોના પાર્થિવ શરીર ઝડપથી સોંપવા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ તેમના પરિવાર સાથે સંપર્કમાં છે.

**(બાઈટ –ડૉક્ટર રાકેશ જોષી, સિવિલ સુપરિન્ટન્ડન્ટ)**

ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વ-વિદ્યાલય અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓ , વહીવટી તંત્ર સહિત આરોગ્ય અને અન્ય વિભાગો આજ દિવસ સુધી ખડેપગે કામ કરી રહી હોવાનું પણ શ્રી જોષીએ કહ્યું હતું.

---

# RATHYATRA TAIYARI

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની 148મી રથયાત્રાને ગણતરીના દિવસ બાકી છે. ત્યારે શહેર પોલીસ ફરી સક્રિય બની છે. ભીડ વ્યવસ્થાપન , કૃત્રિમ બુદ્ધિમત્તા- **A.I.** અને મેન્યુઅલ ઇન્ટેલિજેન્સ દ્વારા ક્રાઈમબ્રાન્ચે સંપૂર્ણ તૈયારી કરી છે. રથયાત્રા માટે 15 હજારથી વધુ જવાન તહેનાત કરાયા. ગુના શાખાના **DCP** અજિત રાજિયાને જણાવ્યું, રથયાત્રાના દિવસે 75 ડ્રૉન સહિત આધુનિક ઉપકરણો દ્વારા દેખરેખ રખાશે.

## (બાઇટ: અજીત રાજિયાન, DCP)

ઉલ્લેખનીય છે કે, રથયાત્રામાં સુરક્ષાના ભાગરૂપે દુર્ઘટનાને ટાળવા પોલીસ મહિનાઓ પહેલા તૈયાર થતી હોય છે.

---

# BK JAMIN ALLOTMENT

બનાસકાંઠાના થાનગઢ તાલુકાના પાંચ હજાર ચોરસમીટરની વિશાળ જમીન પર અત્યાધુનિક સુવિધાથી સજ્જ એક ભવ્ય ઉદ્યાનનું નિર્માણ કરાશે. અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે , રાજ્ય સરકારે આ માટે મંજૂરી આપી છે. આ પહેલ થાનગઢના નાગરિકો માટે એક નવું આકર્ષણ જ નહીં , પરંતુ પર્યાવરણીય સંતુલન અને શહેરના ટકાઉ વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

ઉદ્યાનના નિર્માણથી થાનગઢના સૌંદર્યમાં વધારો થશે અને પર્યાવરણીય સંતુલન જાળવવામાં મદદ મળશે. આ પહેલ રાજ્ય સરકારના "ગ્રીન ગુજરાત" અને "સ્વચ્છ ગુજરાત" જેવા લક્ષ્યાંકને સાકાર કરવામાં મહત્વનું પગલું છે.

---

## SIKSHAN SAHAYAK BHARATI

રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક ભરતીની કામચલાઉ શાળા ફાળવણી એટલે કે, પ્રૉવિઝનલ સ્કૂલ એૅલોટમૅન્ટની જાહેરાત થઈ છે. તેમાં કેટલાક ઉમેદવારોને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મેરીટ કમ પ્રેફરન્સ મુજબ બંને ભરતીમાં શાળા ફાળવણી કરવામાં આવી છે.

આ ઉમેદવારોને બંને ભરતીમાંથી જે ભરતીમાં ફળવાયેલી શાળા વધુ અનુકૂળ હોય તે ભરતીની શાળામાં હાજર થવા સંમતિ આપવાની રહેશે અને પસંદગી કરેલી ભરતી સિવાયની ભરતીમાંથી ઉમેદવારીનો હક જતો કરવાનો રહેશે. કામચલાઉ શાળા ફાળવણીમાં સમાવેશ થવાથી નિમણૂકનો હક પ્રસ્થાપિત થતો નથી એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## WEATHER FORECAST

રાજ્યમાં આગામી 27 જૂન સુધી સાર્વત્રિક વરસાદની આગાહી છે. દરમિયાન હવામાન વિભાગે આજે કચ્છ , ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદને લઈ ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. ઉપરાંત 25 અને 26 જૂને મધ્ય અને દક્ષિણ ગુજરાત તેમજ દક્ષિણ સૌરાષ્ટ્ર માટે વરસાદને લઈને યલો એલર્ટ અપાયું છે. તો આગામી પાંચ દિવસ

માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું,

**બાઇટ: રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક**

---

## RAIN DATA

રાજ્યમાં ગઈકાલે સવારે છ વાગ્યાથી આજે સવારે ચાર વાગ્યા સુધીમાં કુલ 148 તાલુકામાં વરસાદ થયો. સત્તાવાર યાદી મુજબ , સૌથી વધુ 11 ઈંચ જેટલો વરસાદ સાબરકાંઠાના વડાલી તાલુકામાં નોંધાયો. જ્યારે સાબરકાંઠાના ખેડબ્રહ્મા , બનાસકાંઠાના દાંતા , અરવલ્લીના મોડાસા અને મેઘરજ , સાબરકાંઠાના ઈડર , મહેસાણાના સતલાસણા , સુરતના ઉમરપાડા , સાબરકાંઠાના તલોદ અને વિજયનગરમાં અઢીથી સવા આઠ ઈંચ જેટલો વરસાદ નોંધાયાના અહેવાલ છે.

---

## RAIN DISTRICT

ભાવનગરના ગોહિલવાડ પંથકમાં ત્રણ દિવસના વિરામ બાદ ગઈકાલે વરસાદ વરસ્યો. સાંજે છ વાગ્યા સુધીમાં ભાવનગર શહેર , વલભીપુર અને સિહોર સામાન્ય વરસાદ નોંધાયો. જ્યારે બનાસકાંઠાના દાંતા સહિતના તાલુકાના કેટલાક ગામડામાં ઝરમર વરસાદ વરસ્યો હતો.

અરવલ્લીમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ સાડા સાત ટકા જેટલો વરસાદ નોંધાયો. સાર્વત્રિક વરસાદને કારણે જળાશયોમાં વરસાદી પાણીની આવક વધી રહી છે.

પંચમહાલના શહેરા, કાલોલ, હાલોલ, ઘોઘંબા અને જાંબુઘોડા તાલુકામાં પણ હળવો વરસાદ વરસ્યો. તો ગાંધીનગરના કુડાસણ, વાવોલ અને સરગાસણ સહિતના વિસ્તારમાં ધોધમાર વરસાદ પડ્યો.

---

## HEALTH DEP MEETING

રાજ્યમાં વાહકજન્ય રોગ નિયંત્રણ કામગીરી અંગે ગ્રામ્ય આરોગ્ય કમિશનર ડૉક્ટર રતનકંવર ગઢવીચારણની અધ્યક્ષતામાં વિવિધ વિભાગ સાથે ગાંધીનગર ખાતે બેઠક યોજાઈ. સત્તાવાર યાદી મુજબ , રાજ્યમાં 'વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ' હેઠળ મૅલેરિયા , ડેન્ગ્યૂ અને ચિકનગુનિયા જેવા રોગની નિયંત્રણ કામગીરીને વધુ સઘન બનાવવા આ બેઠક યોજાઈ. બેઠકમાં મેલેરિયા નાબૂદીના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા રાજ્ય સરકાર દ્વારા લેવાતા વિવિધ પગલા અંગે સંબંધિત અધિકારીઓને માહિતગાર કરાયા.

ડૉક્ટર ગઢવીચારણે પંચાયત વિભાગ અને નગરપાલિકાઓ હેઠળ સરકારી બાંધકામ પ્રગતિમાં હોય તેવા સ્થળોએ મચ્છરોની ઉત્પત્તિ ન થાય તે માટે જવાબદાર કૉન્ટ્રાકટર મારફતે કામગીરી કરાવવા સહિતના વિવિધ સૂચનો આપ્યા.

---